# ટેકાના ભાવે મગફળી વેચાણ માટે ખેડૂતોની ઉદાસીનતાથી તંત્ર બેચેન

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચાણ કરવા માટે ૨૦૬૧૩ ખેડૂતોએ રજીસ્ટ્રેશન





કરાવ્યું હતું, ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ખેડૂતો મગફળી વેચાણ માટે નીરસતા દાખવતા ટેકાના ભાવે ખરીદ કરનાર એજન્સી અને અધિકારીઓ પણ ચોકી ઉઠ્યા છે. ખેડૂતોને સરકારે ટેકાના ભાવે નક્કી કરેલ ૧૦૫૫ પ્રતિ મણ નક્કી કર્યા છે જેની સામે બજારમાં ખેડૂતોની મગફળી પ્રતિ મણ ૧૦૦૦ થી ૧૧૫૦ રૂપિયા સુધી ભાવ મળી રહેતા હોવાથી ખેડૂતો ટેકાના ભાવે મગફળી વેચાણ માટે પહોંચી રહ્યા નથી. અરવલ્લી જીલ્લામાં પ્રથમ દિવસે ફક્ત ૯ જેટલા ખેડૂતોએ જ મગફળી ટેકાના ભાવે વેચાણ કરી હતી.

દર વર્ષે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થતાની સાથે ખરીદીના સેન્ટરો પર જાણે ખેડૂતોની કીડિયારૂ ઉભરાયું હોય છે. કોરોના મહામારીના પગલે તંત્રએ મગફળી ખરીદ કેન્દ્ર પર સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેમજ સૅનેટાઈઝની અને થર્મલ સ્ક્રીનીંગની વ્યવસ્થા ઉભી કરી હતી પરંતુ ચાલુ વર્ષે ખેડૂતોએ મગફળીની ટેકાના ભાવે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ પણ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચાણમાં નિરસતા દાખવી હોય તેવું લાગી રહ્યું છે. બીજીબાજુ માર્કેટયાર્ડમાં ખેડૂતો મોટી સંખ્યામાં મગફળી લઇ પહોંચતા માર્કેટયાર્ડ ઉભરાઈ રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં મગફળીના ટેકનો ભાવ સરકારે ૧૦૫૫ જાહેર કરતા રજીસ્ટ્રેશન માટે પડાપડી હતી તો શા માટે આવું થયું? ટેકાના ભાવે ખેડૂતો શા માટે મગફળીનું વેચાણ કરવા માટે રસ નથી દાખવી રહ્યા તે પાછળ ખાસ કારણ જવાબદાર છે. કારણ કે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થતાની સાથે જ ખુલ્લા બજારમાં મગફળોની ભાવ ટેકાના ભાવ કરતા વધારે બોલાઈ રહ્યો છે. આ જ કારણે ખેડૂતોને ટેકાના ભાવમાં મગફળી વેચવામાં હવે કોઈ રસ નથી રહ્યો. બીજું કે ટેકાના ભાવે ખરીદી માટે કેટલાક નિયમો પણ છે. જેમાં મગફળી રિજેક્ટ થાય તો ખેડૂતોને નુકસાન જાય છે. આ ઉપરાંત ટેકાના ભાવે મગફળીના વેચાણ બાદ તેની ચૂકવણી પણ મોડી કરવામાં આવે છે. ખેડૂતોને નવા બિયારણની ખરીદી માટે તાત્કાલિક પૈસાની જરૂર રહેતી હોય છે. આ માટે જ ખેડૂતો ટેકાને બદલે ખુલ્લા બજારમાં મગફળી વેચવાનું પસંદ કરી રહ્યા છે.




## રેન્જ આઈજીપી જે.આર. મોથલીયા ડીસાની મુલાકાત લીધી



ડીસા ખાતે મંગળવારે રેન્જ આઈજીપી જે.આર. મોથલીયાએ ડીસાના તમામ પોલીસ મથકોની મુલાકાત લીધી અને મુલાકાત દરમિયાન તેઓ ડીસાના ઉત્તર પોલીસ મથક, દક્ષિણ પોલીસ મથક અને તાલુકા પોલીસ સ્ટેશનની રૂબરૂ મુલાકાત લઈ પોલીસની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. પોલીસ સ્ટાફ દ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ડીસા પોલીસ ક્વાર્ટર ખાતે નવનિર્મિત બાલવાટિકાને પણ રેન્જ આઈજીપી જે.આર. મોથલીયાએ ખુલ્લી મૂકી હતી. બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરૂણ દુગલ, ડીસા વિભાગ નાયબ પોલીસ અધિક્ષક ડૉ. કુશલ ઓઝા ડીસા, ડીસા રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. ચૌધરી સહિત પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહેલ, બાલવાટિકા ખાતે પોલીસ પરિવારના બાળકોના મનોરંજન માટે લપસણી, હિંચકા, ચકરડી જેવા વિવિધ રમતના સાધનો પણ મુકવામાં આવ્યા છે.

# અરવલ્લી જિલ્લા શિક્ષણ પરિવાર દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૨૭

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય પ્રેરિત જિલ્લા વહીવટીતંત્ર, ડીઈઓ કચેરી, ડીપીઈઓ કચેરી તથા વિવિધ શૈક્ષણિક સંગઠન, અરવલ્લીના સંયુકત ઉપક્રમે કોવિડ-૧૯ મહામારીના વિકટ સમયે જરૂરિયાત મંદની સહાય માટે આજરોજ અરવલ્લી જિલ્લામાં મોડાસા અને ધનસુરા બે સ્થળે રકતદાન કેમ્પ યોજાઈ ગયો.



ડૉ. વિનોદ રાવ, શિક્ષણ સચિવ, ગુજરાત રાજય ની પ્રેરણાથી રાજયના ઘણા જિલ્લાઓમાં રકતદાન કેમ્પ થયો છે એ જ પ્રમાણે આજે મંગળવારે અરવલ્લી જિલ્લામાં પણ બ્લડ ડોનેશન કેમ્પ યોજાઈ ગયો. આ કેમ્પમા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ તથા જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલની અપીલને માન આપીને તમામ શૈક્ષણિક સંગઠનના આહ્વાન થકી જિલ્લાના ૪૦૦ થી વધુ શિક્ષકોએ રકતદાન કર્યુ હતું. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહીને રકતદાન કર્યુ હતું.

આ કાર્યક્રમમા ઉપસ્થિત વિનોદ રાવનું બુકે અને ભારતમાતાની છબી આપીને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ , અરવલ્લી જિલ્લા-તાલુકા ટીમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ધનસુરા તથા મોડાસા ખાતે યોજાયેલા આ કેમ્પમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી દ્વારા સૌ રકતદાતાઓને એનર્જી ડ્રીંક (જયુસ)નું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જાયન્ટ્સ મોડાસા વંચિતોના વહારે : ગરીબ પરિવારોને એન.એફ.એસ. કાર્ડ કઢાવી આપ્યા

મોડાસા, તા. ૨૭

જાયન્ટ્સ મોડાસા દ્વારા સરકારશ્રીની યોજનાઓનો આપવામાં આવતો લાભ લાભાર્થીઓને પહોંચે તે હેતુસર



'વંચિતોને વહારે' કાર્યક્રમ દ્વારા ખરેખર જરૂરીયાતમંદને તહેવારોમાં સરકાર દ્વારા મળતો અનાજનો જથ્થો પહોંચે તેવા લાભાર્થીઓને જાયન્ટ્સ મોડાસા દ્વારા એ.પી.એલ. કાર્ડવાળા ખરેખર ગરીબી રેખા નીચે આવતા પરિવારને એન.એફ. એસ. કાર્ડ બનાવી આપી આજે તેમને સુપ્રત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશનના ચેરમેન નિલેશ જોશી (વાઈસ ચેરમેન જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન) સુરેન્દ્રસિંહ રાઠોડ (ઉપપ્રમુખ જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન ઝોન -૧) જાયન્ટ્સ મોડાસાના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ જાયન્ટ્સ મોડાસા મંત્રી પ્રવીણ પરમાર અમિત કવિ, દક્ષેશ પટેલ, ભગિરથ કુમાવત (ડાયરેક્ટર મિડિયા સેલ) અને ગરીબ પરિવારોને એન.એફ.એસ. કાર્ડ બનાવવા સક્રિય જહેમત ઉઠાવી છે તેવા રમણભાઈ પ્રજાપતિ અને સર્વે ૨૦ લાભાર્થીઓ હાજર રહ્યા હતા. આ તહેવારમાં દિવા તો પ્રગટે પણ જરૂરીયાતમંદના ઘરે ચુલા પ્રગટે તેવા હેતુથી આ તહેવાર પહેલાં તેમને એન.એફ. એસ. બનાવી સુપ્રત કરવામાં આવ્યા હતા.

## પ્રાંતિજ ખાતે બે બાળકોના પિતાએ ગળેફાંસો ખાઈને જીવનલીલાનો અંત આણ્યો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ખોડીયાર કુવા પાસે રહેતા બે બાળકોના પિતાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો.



મળતી માહિતી મુજબ પ્રાંતિજના ખોડીયાર કુવા વિસ્તારમાં રહેતાં ભરત (લાલી) પરમાનંદ લાલવાણી ઉ.વર્ષ-૩૮ કે જેવો પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર ચા ની લારી ચલાવી પોતાના પરીવારનું ગુજરાણ ચલાવતો હતો પણ તા.૨૭-૧૦-૨૦૨૦ ના રોજ કોઈપણ અગમ્યો કારણોસર પોતાના ઘરે ભરત પરમાનંદ લાલવાણીએ ગળેફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો હતો. મૃતકને બે નાના બાળકો છે જેમાં એક ૭ વર્ષની દિકરી અને એક ચાર વર્ષનો પુત્ર છે. હાલ તો પ્રાંતિજ પોલીસે ગુનો નોધી મૃતકને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદ હિંમતનગર તાલુકાના શિક્ષકો દ્વારા રકતદાન શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૭


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શિક્ષણ વિભાગ ગુજરાત રાજય પ્રેરિત જિલ્લા શિક્ષણાઅધિકારી કચેરી તથા પ્રાથમિક જિલ્લા શિક્ષણાઅધિકારી કચેરી સાબરકાંઠા અને સાબરકાંઠા જિલ્લા કચેરીના સંયુક્ત ઉપક્રમે કોવિડ-૧૯ મહામારીમા વિકટ સમયે જરૂરીયાતમંદો માટે રકતદાન કેમ્પ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બ્લડ બેંક હિંમતનગર દ્વારા પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો.



પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ-હિંમતનગરના તાલુકાના શિક્ષકોનો દ્વિતિય ચરણનો રકતદાન કેમ્પ યોજાયો હતો જેમાં સમગ્ર કાર્યક્રમને દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાઅધિકારી એસ.કે. વ્યાસ તથા જિલ્લાપ્રાથમિક શિક્ષણાઅધિકારી હર્ષદભાઈ ચૌધરી, સંસ્થાના મંત્રી રઈશભાઈ કસ્બાતી, તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી કે.એન. મકવાણા, આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ તથા મિતેશભાઈ ભટ્ટ, કમલેશભાઈ પટેલ, શાળાના આચાર્ય પી.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રકતદાતાઓને મોમેન્ટોના દાંતાઓ પ્રાંતિજ શરાફી મંડળીના ચેરમેન હસમુખભાઈ પટેલ, તલોદ શરાફી મંડળીના ચેરમેન કમલેશભાઈ પટેલ, હિંમતનગરના ચેરમેન ગીરીશભાઈ પટેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ તથા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા માધ્યમિક શિક્ષક સંઘ તથા રાષ્ટ્રીય શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કોરોનાની મહામારીમા જરૂરીયાતમંદો માટે શિક્ષકો દ્વારા શિક્ષણની સાથે સાથે રકતદાન થકી સમાજ સેવા એ પણ ઉત્તમ સેવા છે તો જિલ્લા શિક્ષણાઅધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી દ્વારા શિક્ષકોની રકતદાનની સેવાને બિરદાવી હતી. તમામે તમામ રકતદાતા શિક્ષકોને પ્રમાણપત્ર કાર્ડ મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પરશુરામ યુવા ગ્રુપની અનોખી પહેલ
## નવરાત્રીમાં માતાજીને અર્પણ કરેલ ગરબાને પક્ષી ઘરમાં રૂપાંતરિત કરી વૃક્ષો પર લગાવ્યા

નવલી નવરાત્રી પુર્ણ થતા ભાવિ ભક્તો દ્વારા ગરબાને વળાવીને માતાજી પરિસરમાં મૂકી માંના આશિર્વાદ લેતા હોય છે. મોડાસા શહેરમાં જનસેવા સેતુ તથા શ્રી



પરશુરામ યુવા ગૃપ દ્વારા ઓધારી માતાજી મંદિર પરિસરમાં વળાવવામાં આવેલ ગરબીઓનો સદુપયોગ કરી ને પક્ષી ઘરમા રૂપાંતર કરીને તેને અલગ અલગ વૃક્ષો પર લગાડીને પક્ષીઓ માટે નાના ઘર જેવી વ્યવસ્થા કરી ઉભી કરવામાં હતી.

આ અનોખી પહેલ સાંઈ મંદિરના પૂજારી ભોલાભાઈ જોશી અને દિશાંતભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ગ્રુપના વંદન રાવલ, મનન જોશી, વિકી બારોટ, મહર્ષ ભાવસાર તથા ગ્રુપના તમામ સભ્યોએ ગરબાને પક્ષી ઘરમાં રૂપાંતરિત કરી વૃક્ષો પર લગાવવા ભારે જહેમત ઉઠાવી હતી માઈભક્તોએ આ અનોખી પહેલની ભારે સરાહના કરી હતી.

# વડગામ તાલુકામાં સમરસતાનું ઉદાહરણ પુરૂ પાડતા જિલ્લા પંચાયત સદસ્ય ફલજીભાઈ પટેલ

### વરસડા ચામુંડા માતાજીના સાનિધ્યમાં દલિત પરિવારની યુવતીનું કન્યાદાન કરાયું

વડગામ, તા. ૨૭

વડગામ તાલુકાના વરસડા ગામના વતની અને જિલ્લા પંચાયત સદસ્ય તેમજ વડગામ તાલુકા ભાજપના પુર્વ પ્રમુખ ફલજીભાઈ પટેલ દ્વારા દલિત યુવતીના લગ્ન કરાવીને કન્યા દાન કરાયું હતું.



પાલનપુર તાલુકાના ગઢ નિવાસી ગ.સ્વ.ભીખીબેન બાબુલાલ પરમાર પોતાના પતિના અવસાન બાદ બે પુત્રીઓ સાથે પોતાના પિયર પસવાદળના ખાતે રહે છે. વિધવા મહિલા ની પુત્રીના લગ્નનો તમામ ખર્ચ વરસડા નિવાસી જિલ્લા પંચાયત સદસ્ય ફલજીભાઈ વી. પટેલ દ્વારા ઉઠાવીને આ ગરીબ દલિત પરિવારની પુત્રીના લગ્ન વડગામ તાલુકાના થલવાડા ગામે રાઠોડ પરિવારના વિરાભાઈ ખુશાલભાઈના ચિ.હસમુખ સાથે કરાવીને વરસડા ચામુંડા માતાજીના સાનિધ્યમાં જ દલિત પરિવારની પુત્રીનું કન્યા દાન જિલ્લા પંચાયતના સદસ્ય ફલજીભાઈ પટેલના પરિવાર દ્વારા કરાયું હતું. આ લગ્ન પ્રસંગે વડગામના ઈન્ચાર્જ ટીડીઓ ધર્મેશ વ્યાસ, બનાસડેરીના ડિરેકટર દિનેશભાઈ ભટોળ, જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સકસેના, પુર્વ જિલ્લા પંચાયત સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, ગેલેક્સી સ્કુલ વડગામ ના પ્રમુખ કાનજીભાઈ ચૌધરી, સંગીત કલાકાર ગોવિંદભાઈ બારોટ, પાલનપુર તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી, ચંગવાડા તલાટી ધવલભાઈ પટેલ, ભાજપ અગ્રણી નરેન્દ્રભાઈ સોલંકી, દિપક પંડ્યા, (માલોસણા) સહીત તાલુકા ભાજપના આગેવાનો ઉપસ્થિત રહીને દલિત પરિવારની પુત્રીને લગ્ન પ્રસંગે આર્શિવચન સાથે લગ્ન જીવન સુખમય રહે તેવી શુભેચ્છાઓ પાઠવી વિદાય અપાઈ હતી. વડગામ તાલુકામાં સમરસતાનું ઉદાહરણ પુરૂ પાડનાર વરસડા નિવાસી ફલજીભાઈ પટેલના પરિવારજનોનું રોહીત સમાજ, ગુરુ બ્રાહ્મણ સમાજ, વણકર સમાજ, રાવત સમાજ તેમજ વાલ્મિકી સમાજના આગેવાનો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. કન્યાદાન કરનાર પરિવારે સહુનો આભાર માન્યો હતો.

# મુખ્યપ્રધાનના એક ફોનથી કેન્સરની સારવાર મફત થઇ

ગાંધીનગર,તા.૨૭

કહેવત છે કે ભગવાન આપે છે તેને છાપરું ફાડીને આપે છે. આ કહેવત અમારા જીવનમાં અક્ષરશઃ સાચી પડી પડી છે. મને અઢળક આરોગ્ય સુખ મળ્યું છે.' આ શબ્દો છે દહેગામમાં રહેતા ૪૫ વર્ષીય જગદીશ લાભશંકર ત્રિવેદીના વાત કંઈક આમ છે કે જગદીશ ત્રિવેદી તેમના નાના ભાઈ વિષ્ણુ સાથે દહેગામમાં રહે છે. મૂળ આ પરિવારનો વ્યવસાય કર્મકાંડનો છે. બન્ને ભાઈઓ અવિવાહિત હોવાથી તમામ ઘરકામ પણ જાતે જ કરતા આવ્યા છે. બાપ દાદાએ વારસામાં એક ઘર આપ્યું છે પરંતુ છાપરાવાળુ. એ જ પુરવાર કરે છે કે પરિવારની આર્થિક શકિત નબળી છે. જગદીશભાઈ ત્રિવેદી અગાઉ અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિરના રસોડામાં મજૂરીકામ કરતા હતા. પરંતુ તેમના શરીરમાં નબળાઈ ઘર કરી ગઈ હતી. કોઈના કહેવાથી સિવિલમાં તપાસ કરાવી તો જાણવા મળ્યું કે તેમનું લીવર માત્ર ૧૨.૫ ટકા જ કામ કરે છે. પૈસા તો હતા નહીં, એટલે શરીર સાથ આપે કે ના આપે કામ તો કરવું જ પડે. સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક તબક્કે ૧૧ બોટલ લોહી ચઢાવ્યું પરંતુ તમામ લોહી ઝાડા વાટે નીકળી ગયુ. જગદીશ બિલકુલ બેભાન અવસ્થામાં આવી ગયા હતા. ડોકટરે તેમને એન્ડોસ્કોપી કરાવવાની સલાહ આપી, પરંતુ એન્ડોસ્કોપી કરાવવાના પણ પૈસા તેમની પાસે નહોતા. તેવામાં એક દિવસ મુખ્યમંત્રીના નિવાસ્થાને કાર્યરત ડેશબોર્ડના 'જનસંવાદ કેન્દ્રહ્લમાંથી જગદીશને ફોન આવ્યો. તેમને કહેવાયું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં કેન્સર વિભાગમાં જઈને ડોકટર શશાંક પંડ્યાને મળો. તમારી તમામ નિદાન-સારવાર વિનામૂલ્યે થઈ જશે.

# દિલ્હીમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ સ્વામિનારાયણ મંદિરનો ૪૨મો પાટોત્સવ ઉજવાયો

યુગદ્રષ્ટા શ્રી મુક્તજીવન સ્વામીબાપા સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ પરંપરાના ચતુર્થ આધ્યાત્મિક વારસદાર. તેઓ દૂરંદેશી હતા તેથી તો ભારત અને વિદેશોમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી આર્ય-ભારતીય સંસ્કૃતિના તેઓશ્રી આદ્ય વિચરણ કરનાર ધર્માચાર્ય રહ્યા છે.

વિશ્વધર્મચૂડામણી મુક્તજીવન સ્વામીબાપાએ ભારત રાષ્ટ્રની રાજધાની દિલ્હીમાં પુનિતપાવની યમુનાના તીરે આજથી ૪૨ વર્ષ પૂર્વે અનેક મુમુક્ષુઓની આસ્થા અને શ્રદ્ધાના પ્રતીક સમા શ્રી



સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજી બાપા અને યુગદ્રષ્ટા સ્વામીબાપાએ પોતાની હયાતીમાં જ પોતાનાં મૂર્તિ સિંહાસનમાં પધરાવ્યાં અને તેજ દિને સ્વ મૂર્તિમાંથી પ્રસ્વેદ બિંદુના સૌ સંતો-ભક્તો દર્શનાર્થીઓને અમે પ્રતિમા દ્વારા સાક્ષાત અહીં બિરાજમાન છીએ અને દિલ્હીમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર બનાવી વિશ્વવંદનીય મુક્તજીવન સ્વામીબાપાએ ઈતિહાસ સર્જ્યો.

મહંત સદગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે કોરોનાના આ સમયમાં સૌએ સરકારશ્રીના ગાઈડલાઈન્સ પ્રમાણે વર્તવું જોઈએ. સોશિયલ ડીસટન્સ જાળવવામાં આવ્યું હતું. ઓનલાઈન હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

## ઊંઝા વેપારી મંડળના હોદ્દેદારો નિમાયા

શ્રી ઊંઝા વેપારી મંડળની કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં આ મુજબના હોદ્દેદારોની



સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ નિલેશકુમાર આર. પટેલ, ઉપપ્રમુખ વિમલકુમાર ડી. પટેલ, મંત્રી જીગ્નેશકુમાર સી. પટેલ, સહમંત્રી હર્ષદભાઈ મોદી.